દાખલ તારીખ :– ૨૩/૦૭/૨૦૨૦

રજી. લીધા તારીખ:–૨૩/૦૭/૨૦૨૦

નિકાલ તારીખ :– ૧૩/૦૮/૨૦૨૦

**સમયગાળો :– વર્ષ માસ દિવસ**

**મે.ભચાઉના ૯ માં એડીશનલ સેસન્સ જજની કોર્ટમાં, મુ.ભચાઉ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૧૮૮/૨૦૨૦**

**આંક :–**

**અરજદાર :** **જેરામભાઈ રણછોડભાઈ કોલી,**

ઉ.વ. : ૩૨, ધંધો: ખેતી,

રહેવાસી : ચોબારી, તા.ભચાઉ(કચ્છ).

**વિરૂધ્ધ.**

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજદારના વિ.વ. શ્રી એમ.એચ.જોષી.**

**સામાવાળાના વિ. વ. શ્રી ડી.બી.જોગી.**

**બાબત :–** વિલંબ માફ કરવાની અરજ

**–: ચુકાદો :–**

(૧) અરજદારે આડેસર પો.સ્ટે.પ્રોહી.ગુ.ર.નં. ૫૧૫૯/૨૦૧૯, પ્રોહી.એકટની કલમ–૬૫એઈ, ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હા કામે પોલીસે કબજે કરેલ મુદામાલ વાહન નં. જીજે.૧૨.એ.યુ.૨૮૯૬ વાળુ કબજે કરેલ જે વચગાળાની કસ્ટડીએ કબજે મેળવવા માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૧ મુજબ અરજી ગુજારેલી જે નામંજુર(રદ) કરવામાં આવતા અરજદાર તે હુકમથી નારાજ થઈ રીવીઝન અરજ ગુજારેલ છે અને તે રીવીઝન અરજ દાખલ કરવા માટે જે વિલંબ થયેલો છે તે વિલંબ દરગુજર કરવા માટે હાલની અરજી ગુજારેલ છે જેની વિગત વંચાણે લીધી.

(૨) આ કામે અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખીક દલીલો સાંભળી, તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, જે તે સમયે રીવીઝન સમય મર્યાદામાં દાખલ કરવાની હતી અને તેની તજવીજ ચાલુ હતી તે દરમ્યાન કોવીડ–૧૯ ના લોકડાઉનના કારણે કોર્ટ બંધ થયેલી અને ત્યારબાદ મુદામાલની રીવીઝન દાખલ કરવા માટે પાછળથી હાઈકોર્ટે જરૂરી પરવાનગીઓ આપેલી છે અને તેવા સંજોગોમાં હાલની રીવીઝન દાખલ કરવા માટે ઉચીત વિલંબ થયેલો છે તે દરગુજર કરવા માટે વિનંતી કરેલી છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.સરકારી વકીલશ્રી લંબાણ પુર્વકની મૌખિક દલીલ સાંભળી તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય શાંરશ એવો છે કે, અરજદારે સમયમર્યાદામાં રીવીઝન અરજ દાખલ કરવી જોઈતી હતી અને જે સમયે સમય મર્યાદા પુરી થયેલી તે સમયે કોર્ટ ચાલુ હતી તેવા સંજોગોમાં વિલંબ દરગુજર કરી શકાય નહી તેવી રજુઆત કરી હાલની અરજી નામંજુર( રદ) કરવા વિનંતી કરેલી છે.

(૪) આ કામે અરજીની સાથેના કાગળો વંચાણે લીધા તેમજ અરજદારે રજુ કરેલ સોગંદનામુ પણ વંચાણે લીધુ.

(૫) આ કામે તમામ બાબતો ધ્યાને લેવામાં આવે તો હાલના અરજદારની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૧ મુજબની મુદામાલની અરજી તા.૪/૧૨/૨૦૧૯ ના રોજ નામંજુર (રદ) કરવામાં આવેલ છે અને ત્યારથી ૯૦ દીવસમાં અરજદારે રીવીઝન અરજ દાખલ કરવી જોઈએ. આ સમય મર્યાદા ગણવામાં આવે તો લગભગ માર્ચના શરૂઆતના સમયગાળામાં આ સમયમર્યાદા પુરી થાય છે અને ત્યારબાદ ટુંકાગાળામાં કોવીડ–૧૯ વાયરસના કારણે લોકડાઉન થવાને કારણે કોર્ટો બંધ કરવામાં આવેલી હતી. ત્યારબાદ પાછળથી નામ.ગુજરાત હાઈકોર્ટે કેટલીક

છુટછાટ આપી મુદામાલ અરજીની રીવીઝન અરજીને તાકીદની મેટર તરીકે ગણવા જણાવેલુ છે અને ત્યારબાદ હાલની રીવીઝન અરજ વિલંબની અરજી સાથે રજુ થયેલ છે. આવા સંજોગોમાં આ તમામ બાબતો ધ્યાને લેતા વિલંબ જે થયેલો છે તે માટેનુ વ્યાજબી કારણ અને સંજોગો છે તેવુ મારૂ શુધ્ધબુધ્ધીપુર્વકનુ માનવુ છે. વધુમાં વિલંબ દરગુજર કરવાથી બંને પક્ષકારો વચ્ચે વ્યાજબી ન્યાય થતો હોય તેવુ જણાય છે અને તેથી લીમીટેશન એકટની કલમ–પ મુજબ વિલંબ દરગુજર કરવો જોઈએ તેવા નિર્ણય પર આવી નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**:: હુકમ ::**

આથી લીમીટેશન એકટની કલમ–પ મુજબ અરજદારની વિલંબ માફની અરજી ''**મંજુર**'' કરવામાં આવે છે.

અરજદારની આડેસર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.પ્રોહી.પ૧પ૯/૨૦૧૯ ના કામે મુદામાલ અરજી નામંજુર(રદ) કરતા જયુડી. મેજી.(ફ.ક.) ના તા.૧૨/૧૨/૨૦૧૯ ના રોજના હુકમની સામેની રીવીઝન અરજ દાખલ કરવા માટે જે વિલંબ થયેલ છે તે વિલંબ દરગુજર કરવામાં આવે છે.

રજીસ્ટારે રીવીઝન અરજ જરૂરી રજીસ્ટરે લઈ આગળની કાર્યવાહી કરવી.

આ હુકમ આજરોજ તા.૧૩ મી, માહે ઓગષ્ટ, સને ૨૦૨૦ ના દિવસે અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા.૧૩/૦૮/૨૦૨૦ (એમ.એફ.ખત્રી)

સ્થળ : ભચાઉ–કચ્છ ૯ માં એડીશનલ સેસન્સ જજ,

ભચાઉ–જી.કચ્છ

જીજે૦૦૬૯૧